## તલોદની આશીર્વાદ હોસ્પિટલમાં ડોક્ટરની બેદરકારીને લઈને હોબાળો




તલોદ, તા. ૩૦

આશીર્વાદ હૉસ્પિટલ ખાતે દદીને દાખલ કરવામાં આવ્યું હતું દદીને વધારે દુખાવો ઉપડતા દદીનુ ઓપરેશન કરવામાં આવ્યું હતું ત્યાર બાદ દર્દીની હાલત ગંભીર બની હતી જ્યારે પરિવાર જનોનો આરોપ છે કે ડૉક્ટર ની બેદરકારી ના કારણે દર્દીને હાલત ગંભીર બની હતી ત્યાં પરિવાર જનો અને લોકો દ્વારા હોબાળો કરતા ડૉક્ટર દવાખાનું છોડીને રફુચક્કર થઈ ગયા હતા જયારે દર્દી સિરિયસ હોવા છતાં ડોક્ટર દવાખાનુ છોડીને ફરાર થઈ ગઈ જતા ત્યારબાદ ડોક્ટરના મોબાઈલ ફોન સ્વીચ ઓફ આવતો હતો દર્દીની હાલત બહુ કફોડી બની ગઈ હતી પરંતુ ડોક્ટર કોઈ સહારો ન મળતા પેશન્ટ જીવના જોખમી જીવન મરણના જુલા જુલી રહ્યો હોવા છતાં ડોક્ટર ફરજ પર હાજર ન હતો છેલ્લે હોસ્પિટલના ટ્રસ્ટી નો કોન્ટેક્ટ કરી હોસ્પિટલ ખાતે બોલવામાં આવ્યો હતો ત્યારબાદ ટ્રષ્ટિએ પરિવાર સાથે મુલાકાત કરી પેશન્ટની બીજી હોસ્પિટલ મા મોકલી આપવાની કામગિરી હાથ ધરી હતી સમગ્ર ઘટનાની જાણ જ્યાં તલોદ પોલીસ ને થતા તથા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો ત્યારબાદ મામલાને માંડ શાંત પડ્યો હતો

### કોંગ્રેસના ગઢના કાંકરા ખર્યા

# બાયડ તાલુકાના ૧૦૦થી વધુ કોંગ્રેસના આગેવાનો ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા

**અદેસિંહ ચૌહાણની આગેવાનીમાં પૂર્વ સરપંચ સહિત અનેક સમાજના આગેવાનોએ કેસરીયો ખેસ ધારણ કર્યો**

બાયડ, તા.૩૦

લોકસભાની ચૂંટણી આવતા વર્ષે યોજાવવાની છે ત્યારે કોંગ્રેસમાં વધુ ને વધુ ભંગાણ પડી રહ્યું છે. મંગળવારે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ અરવલ્લીની મુલાકાતે હતા ત્યારે અરવલ્લી જિલ્લા પંચાયત બાંધકામ શાખાના પૂર્વ ચેરમેનની આગેવાની હેઠળ બાયડ તાલુકાના ૧૦૦થી વધુ કોંગ્રેસના આગેવાનોએ ભાજપનો ખેસ ધારણ કર્યો છે. ત્યારે આગામી દિવસોમાં પણ વધુ કાર્યકરો ભાજપમાં જોડાઈ શકે છે.

છેલ્લા કેટલાય સમયથી બાયડ વિધાનસભા મતક્ષેત્રનું રાજકારણ આયારામ-ગયારામ જેવું બનીને રહ્યું છે. બાયડ તાલુકાના પશ્ચિમગાળાના ઠાકોર સમાજના અગ્રણી, પૂર્વ બાયડ તાલુકા કોંગ્રેસ સંગઠન પ્રમુખ અને રાજયના પૂર્વ મુખ્ય મંત્રી શંકરસિંહ વાઘેલાના નિકટવર્તી અદેસિંહ માંનસિંહ ચૌહાણ(એડવોકેટ)એ મંગળવારે ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠન પ્રમુખ સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં મોડાસા ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં તેમના નિકટવર્તી ૧૦૦થી વધુ કાર્યકરો સાથે ફરી એકવાર કોંગ્રેસને બાય બાય કરી ભાજપનો ખેસ ધારણ



કરી લેતાં બાયડ તાલુકામાં કોંગ્રેસ વધુ નબળી પડી હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. ભાજપમાં જોડાયા પછી તેઓએ જણાવ્યું કે દેશના વડાપ્રધાન દ્વારા વિકાસની રાજનીતિને અમલમાં મૂકવામાં આવી છે તેના કારણે હું મારા અસંખ્ય કાર્યકરો સાથે ભાજપમાં જોડાયો છું તેમ જણાવ્યું હતું.

## તલોદ સંગિની ફોરમની બહેનો દ્વારા પ્રમુખ દિપાબેન કુવાડિયાના અધ્યક્ષસ્થાને રક્ષાબંધનની ઉજવણી



તલોદ, તા. ૩૦

રક્ષાબંધન એ ધાર્મિક તહેવાર નથી પણ ભાઈ બહેનના અનોખા બંધનની ઉજવણી છે દેશની રક્ષા કરનાર અને ૨૪ કલાક ફરજ બજાવનાર ડોક્ટર અને પોલીસ ભાઈઓના કાંડા પર રક્ષા રૂપી ધાગો.. રાખડી બાંધીને બહેનોની સુરક્ષા કરવા માટે તેમને કટિબદ્ધ કર્યા.. તલોદ સંગીની ફોરમ ની બહેનોએ તલોદ સિવિલ હોસ્પિટલના ડોક્ટર જતીનભાઈ પટેલ બાળ રોગ નિષ્ણાત અલ્પેશભાઈ નાઈ દાંતના ડોક્ટર જીગરભાઈ રાઠોડ પેરામેડિકલ સ્ટાફ તથા જી આર ડી એટલે કે ગ્રામ રક્ષક દળના સીમાબેન અને નિશાબેન ભાટ તથા પીએસઆઈ સાહેબ શ્રી અર્જુનભાઈ જોશી અને સ્ટાફ તથા ટ્રાફિક બ્રિગેડ જવાન વિપુલભાઈ પ્રજાપતિ અને પરમાર વિઠ્ઠલભાઈ ને રાખડી બાંધી મોઢું મીઠું કરાવે સંગીની ફોરમની બધી જ બહેનોએ તેમને ખુશી ખુશી દેશની રક્ષા કરે તેવા આશીર્વાદ આપ્યા

## મોડાસા શહેર સહીત જીલ્લામાં રક્ષાબંધનની શ્રધ્ધાભેર ઉજવણી

મોડાસા, તા. ૩૦

પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થતાંજ તહેવારોના કારણે વાતાવરણ ભક્તિમય બની જાય છે આ માસમાં આવતા તહેવારોનું ઘણું મહત્વ રહ્યું છે જેમાં ભાઈ-બહેન ના પવિત્ર પ્રેમનો તહેવાર એટલે રક્ષાબંધનનું અનોખું મહત્વ છે બહેન ભાઈ ઉપર કોઈ સંકટ ન આવે તેના રક્ષણ માટે રાખડી બાંધીને પ્રાર્થના કરે છે ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પ્રતીક સમાન રક્ષાબંધન પર્વની અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં ધામધૂમ પૂર્વક ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી બહેનોએ શુભમુહર્તમાં પોતાના લાડકવાયા ભાઈઓના હાથે રાખડી બાંધી તેમની સુખ સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી રાખડી બાંધવાના



મુહર્તના અસમંજસ વચ્ચે બે દિવસ ભાઈ-બહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધન મનાવવામાં આવી શકે છે. રક્ષાબંધનના તહેવારને લઈ વહેલી સવાર થીજ અબાલ વૃદ્ધ સૌકોઈ માં આનંદ ઉલ્લાસ જોવા મળ્યો હતો બહેનોએ ભાઈઓ માટે બજાર માં મળતી અવનવી યથાશક્તિ મુજબ રાખડીઓ ખરીદી હતી બાળકોમાં લાઈટ અને કાર્ટૂનવાળી રાખડી આકર્ષણનું કેન્દ્ર બની હતી શુભમુહર્તમાં બહેનોએ ભાઈઓને કુમકુમ તિલક કરી મોં મીઠું કરાવી રાખડી બાંધી હતું ત્યારબાદ ભાઈ પત્નીને પણ નણંદોએ રાખડી બાંધી હતી રક્ષાબંધનમાં કેટલાક મુસ્લિમ ભાઈઓના ઘરે હિન્દૂ બહેનો અને મુસ્લિમ બહેનોએ હિન્દૂ ભાઈઓને ત્યાં રાખડી લઈ રક્ષાબંધનની ભાવપૂર્વક ઉજવણી થતા કોમી એકતાના દ્રશ્યો જોવા મળ્યા હતા.

## સાબરકાંઠા આરોગ્ય વિભાગના ૭૦૦ કર્મચારીઓનું પડતર પ્રશ્નોના ઉકેલ માટે અલ્ટીમેટમ...!!!



સાબરકાંઠા આરોગ્ય વિભાગના કર્મચારીઓની પડતર માંગ રજૂઆતો છતાં પણ સંતોષાતી નથી જેના કારણે ફરી એકવાર સાબરકાંઠા જિલ્લા આરોગ્ય કર્મચારી મંડળે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને આવેદનપત્ર આપી પ્રશ્નોનું નિરાકરણ ૭ દિવસમાં નહીં આવે તો આવતા સપ્તાહથી આરોગ્ય શાખાના ૭૨૦ કર્મચારીઓ દ્વારા ઓનલાઈન તમામ એન્ટ્રીનો બહિષ્કાર કરવાની સાથે જિલ્લા પંચાયત આગળ ૧ દિવસના ધરણાંના કાર્યક્રમનું એલાન આપ્યું છે.

## પ્રાંતિજ સહિત તાલુકામાં રક્ષાબંધન પર્વ ધામધુમથી ઉજવાયું...



પ્રાંતિજ તા.૩૦

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં પણ રક્ષા બંધન ના પવિત્ર પર્વ ની ધરે ધરે ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી તો બહેનો દ્વારા પોતાના ભાઈ ના આયુષ્ય માટે કપાળે તીલક કરી મોઢુ મીઠુ કરાવી ને જમણા હાથમાં રાખડી બાંધી હતી.

ભારતીય સંસ્કૃતિ માં અનેક તહેવારો આવે છે જેમાં રક્ષા બંધન નો પવિત્ર પર્વ એ વિશેષ ગણવામાં આવે છે તો રક્ષા બંધન પર્વ ને લઈને જીલ્લા સહિત તાલુકામાં બહેનો દ્વારા પોતાના લાડકવાયા ભાઈઓના આયુષ્ય તથા ભાઈ સુખી સમપતી પ્રાપ્ત કરે તેવા આશીર્વાદ સાથે બહેનો દ્વારા પોતાના ભાઈઓને જમણા હાથ ઉપર રાખડી ના પ્રતિક રૂપે રક્ષા પોટલી બાંધવામાં આવેછે અને ભગવાન પાસે તેના ભાઈ નુ આયુષ્ય સાથે ધન થી તથા તેના ભાઈ નો પરીવાર હળ્યો ભર્યો રહે તેવી ભગવાન પાસે બહેનો પ્રાર્થના કરે છે તો ભાઈ ઓ પણ પોતાના મૃત્યુ સુધી બહેન ની રક્ષા કરવાનું વચન આપતા હોય છે ત્યારે પહેલાં ના જમાનામાં સાડીના ટુકડા માંથી શરૂઆત થયેલ રક્ષા આજે યંત્ર યુગ માં ફેન્સી રાખડી ઓ સુધી પહોચી છે પણ સાડી નો ટુકડો હોય કે આજ ની આધુનિક રાખડી પણ ભાઈ બહેન ના સબંધો તો તેટલા જ ધનીષ્ઠ છે તેમાં કોઈ ફરક પડયો નથી માત્ર યંત્ર યુગ પ્રમાણે રાખડીઓ બદલાતી રહે છે પણ ભાઈ બહેનો પવિત્ર સંબધ આજે પણ અંકબંધ છે અને નાનાથી મોટી ઉમર ના સોર્વકોઈ પવિત્ર રક્ષા બંધન નો તહેવાર મનાવે છે અને બહેનો રાખડી બાંધી ને ભગવાન પાસે ભાઈ સુખ ની માગણી કરે તો બ્રાહ્મણો દ્વારા આજનો દિવસ પવિત્ર દિવસ હોવાથી શુભ મુહૂર્ત માં આજે જનોઈ બદલવામા આવે છે ત્યારે યંત્ર યુગમાં પણ પવિત્ર રક્ષા બંધન ના પર્વ ની આજે પણ ધામધુમથી ઉજવણી થઈ.

## લુણવા શાળાની દસમા ધોરણની ટોપર દીકરીનું નાકાધાર ઈન્સ્ટિટયૂટમાં એડમિશન કરાવ્યું

ડીસા, તા.૩૦

લુણવા શાળામાં ધોરણ ૧૦ માં ફર્સ્ટ આવેલ અરનાજ બાનુનું ૧૫મી ઓગસ્ટના રોજ શાળામાં યોજાયેલ સ્વતંત્ર પર્વ દિવસે તેજસ્વી તારલાઓના સન્માનમાં સેકન્ડ આવેલ વિદ્યાર્થીનું સન્માન કરાવાયું હતું ત્યારે શાળાની ફર્સ્ટ આવેલ અરનાજ બાનુ નું સ્વાગત કરવામાં આવ્યું ન હતું સમગ્ર ગુજરાત સહિત દેશમાં પણ શિક્ષણ પ્રેમીઓમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા સોશિયલ મીડિયા અને મીડિયામાં આ ઘટના પ્રસારિત થતા લોકોમો શાળાના સંચાલકો અને આચાર્ય પ્રત્યે રોષ પ્રગટ થયો હતો જ્યારે સોશિયલ મીડિયામાં શિક્ષણ અને સમાજના આગેવાનોને દીકરીના સન્માન માટે હાકલ કરવામાં આવી હતી ત્યારે અમદાવાદના પૂર્વ ધારાસભ્ય શેખ ગયા સુદીન અને ધારાસભ્ય ઈમરાન ખેડાવાળા સહિત હારુનભાઈ દાયમા સાજીદ મકરાણી અને સરફરાજ સિંધી સહિત માઈનોરીટીના આગેવાનો લુણવા ખાતે જઈ દીકરીનું હર્ષા ઉલ્લાસથી સન્માન કરવામાં આવ્યું હતું જ્યારે અમદાવાદ ખાતે યોજાયેલ મુસ્લિમ સમાજના એક કાર્યક્રમમાં એક દાતા દ્વારા દીકરીનું સન્માન કરાયું હતું તેમજ અનેક ભેટ સોગાતો દીકરીને આપવામાં આવી હતી જ્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ યુનુસ ભાઈ ભાઈ પટેલ ભરૂચ વાળા દ્વારા નંદાસણ ખાતે આવેલ નાકાદાર. ઈન્સ્ટિટયૂટમાં ૧૧ સાયન્સમાં અ રનાજ બાનુ દીકરીનું સાયન્સમાં એડમિશન કરાવ્યું હતું જેની ફી ૧ લાખ ૧૫ હજાર રૂપિયા થતી હતી તે સંપૂર્ણ ફી ભરવા યુનુસભાઈ પટેલે સંમતિ દર્શાવી હતી ત્યારે નાકાદાર ઈન્સ્ટિટયૂટ ના બીલાલભાઈએ ૪૫૦૦૦ રૂપિયા ફી માફી કરતા ૭૦૦૦૦ રૂપિયા યુનુસભાઈએ તરત જ ભરી દીધા હતા અને ૧૧ સાયન્સ તેમજ ૧૨ મેડિકલ કોલેજ સુધી નાકાધાર ઈન્સ્ટિટયૂટમાં ડોક્ટર બને ત્યાં સુધી ભણવાનો ખર્ચ સંપૂર્ણપણે ઉપાડી લેવામાં આવ્યો હતો સમાજ સેવકોને સલામ છે તેમજ સોશિયલ મીડિયામાં આ વાતને ઉજાગર કરનારા તમામ અભિનંદન ને પાત્ર છે

## મોડાસા સબજેલમાં રક્ષાબંધનની ઉજવણીમાં બહેનોની આંખો અશ્રુથી છલકાઈ

**બંદીવાન ભાઈઓમાં ઉલ્લાસભર ગમગીન દ્રશ્યો સર્જાયા**



મોડાસા,તા. ૩૦

સમગ્ર દેશમાં ભાઈ-બહેનના પ્રેમના પવિત્ર તહેવાર રક્ષાબંધનની ઉજવણી ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી ત્યારે અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આવેલ સબજેલમાં કેદીઓને બહેનોએ રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી. રાખડી બાંધતા સમયે બહેનોની આંખોમાંથી ખુશીના અશ્રુ છલકી પડતા હતા.મોડાસાના સબજેલ ખાતે જુદા-જુદા ગુન્હામાં સજા કાપતા ભાઈઓને જોતા રક્ષાબંધન પર્વ મનાવવા પહોંચેલી બહેનોની આંખો ખુશી થી છલકાઈ ઉઠી હતી મોડાસા સબજેલમાં ૧૨૬ કેદીઓને તેમની બહેનોએ

વિધિવત રીતે પોતાના કેદી ભાઈને કંકુ-ચાંદલા કરી રાખડી બાંધી મોઢુ મીઠુ કરાવી રક્ષાબંધન તહેવારની ઉજવણી કરી હતી.બહેનો ભાઈના કાંડા પર રાખડી બાંધતી વખતે માહોલ ગમગીન બન્યો હતો અને કેદી ભાઈઓ અને બહેનોની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગતા ગમગીન દ્રશ્યો સર્જાયા હતા મોડાસા સબજેલમાં મોટી સંખ્યામાં બહેનો આવતી હોવાના કારણે જેલ સત્તાધીશોએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ રાખ્યો હતો.

મોડાસા સબજેલ ખાતે રક્ષાબંધન પર્વ પર રક્ષાબંધન નિમિતે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવતા બહેનોએ જેલ સુપ્રિટેન્ટન્ટ અને પોલીસ કર્મીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. રાખડી બાંધીને પરત ફરતી બહેનોની આંખમાં ભાઈ ક્યારે સજા ભોગવી ઘરે પરત ફરશે તેને લઈને અશ્રુ વરસાવી રહી હતી.દરેક બહેન રાખડીના તાંતણે પ્રાર્થનાઓ રૃપી કવચ પોતાના ભાઈના હાથે બાંધીને ભાઈની સલામતિ અને સુખની મંગલ કામના કરીને ભાઈની લાંબી આવરદા માટે ભગવાનની પ્રાર્થના કરી હતી.અને ભાઈઓએ રક્ષા કરવાનું વચન આપ્યું હતું.




**દાણ મહુડી પાસે ટેમ્પો પલટી મારતા ૨૫થી વધુ ઘાયલોને મટોડા હોસ્પિટલ ખાતે ખસેડાયા**

ખેરોજ પોલીસ ઘટના સ્થળ પર પહોંચી હતી. જીલ્લા આરોગ્ય અધિકારી એ હોસ્પિટલમાં ઘાયલોની મુલાકાત લીધી હતી. ખેડબ્રહ્મા શહેરમાં સ્વાધ્યાય પરિવાર આયોજિત કાર્યક્રમ દરમિયાન આવવા નીકળેલા ટેમ્પો ચાલક દાણમહુડી પાસે સ્ટેરીંગ પર થી કાબુ ગુમાવતા ટેમ્પો પલ્ટી મારી જતા Gj 23 AT 0788 અંદર બેઠેલ મહીલાઓ પુરુષો બાળકો ઘાયલ થયા હતા. તાત્કાલિક ધોરણે ૧૦૮ મારફતે મટોડા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા સારવાર બાદ ઘાયલોને રીફર કરાયા હતા.



વિશ્વવિદ્યાલય દ્વારા તલોદ પ્રાંતિજના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર આ પ્રસંગે તલોદ સેવા કેન્દ્રના મુખ્ય સંચાલિકા બહેન બ્રહ્માકુમારી ચંપા દીદીએ રક્ષાબંધનનું આધ્યાત્મિક રહસ્ય બતાવી હાજર ભાઈઓ બહેનોને કુમકુમ તિલક કરી હાજર ભાઈઓ બહેનોને રક્ષાબંધન કરી હતી તેમજ વ્યસન મુક્તિ અંગે પ્રવચન આપી આજના દિવસે દક્ષિણા રૂપે વ્યસન છોડવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી.